# એચ.એસ.સી. સામાન્ય પ્રવાહના પરીક્ષા ફોર્મ ભરવાની તારીખ લંબાવાઈ

## પરીક્ષાર્થીએ રૂ. ૩૫૦ લેઈટ ફી સાથે ફોર્મ ૩૧મી ડિસે. સુધી જમા કરાવવું

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના પરીક્ષા સચિવે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના વર્ષ- ૨૦૧૩માં પરીક્ષા આપવા માંગતા ઉમેદવારોના ફોર્મ ભરવાની છેલ્લી તા. ૧૦ નવેમ્બર હતી જે હવે બદલીને ૩૧મી ડિસેમ્બર-૨૦૧૨ સુધી લંબાવાઈ છે. આચાર્યો અને વિદ્યાર્થી-વાલીઓની માંગણીને ધ્યાનમાં રાખી ધો. ૧૨ સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓની તારીખમાં સુધારો કરવામાં આવ્યો છે.

ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની યાદી જણાવે છે કે રાજ્યની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનાં આવેદનપત્રો માર્ચ-૨૦૧૩ની પરીક્ષા માટે ભરવાની કામગીરી પૂર્ણ થઈ છે. આ ફોર્મ ભરવાની છેલ્લી તા. ૧૦ નવેમ્બર-૨૦૧૨ હતી. તે શાળાઓના આચાર્યો અને વિદ્યાર્થી-વાલીઓની રજૂઆતો ધ્યાને લઈ તા. ૩૧ ડિસેમ્બર-૨૦૧૨ સુધી લંબાવવામાં આવી છે. જે વિદ્યાર્થીઓને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનાં નિયમિત, રીપીટર, પૃથક વગેરે પરીક્ષા માટે ફોર્મ ભરવા હોય તેઓએ શાળા મારફતે આવેદનપત્રો ભરીને રૂ. ૩૫૦ લેઈટ ફી અને બાકીની જરૂરી ફી સાથે તા. ૩૧ ડિસેમ્બર-૨૦૧૨ સુધીમાં ભરી દેવાનાં રહેશે.જેની રાજ્યની તમામ ઉચ્ચત્તર માધ્યમિક શાળાનાં આચાર્યોએ નોંધ લેવી અને બાકી રહેલા વિદ્યાર્થીઓને જાણ કરી સમય મર્યાદામાં ફોર્મ રજૂ કરવા માર્ગદર્શન/સહકાર આપવા જણાવાયું છે.

# પંચદેવ મંદિરને દેવ દિવાળીએ ૧૧૦૦૦ દીવડાઓથી શણગારાયું

## તુલસી વિવાહના પ્રસંગને આબાલવૃદ્ધ સૌએ માણ્યો



ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરના સેક્ટર-૨૨ના પંચદેવ મંદિરને દેવ દિવાળીના શુભ પ્રસંગે ૧૧૦૦૦ દીવડાઓથી શણગારવામાં આવ્યું હતું અને તુલસી વિવાહના ઉત્સવને પણ ભાવિક ભક્તજનો દ્વારા ઉજવવામાં આવ્યો હતો.

પંચદેવ મંદિરના નિલકંઠ શાસ્ત્રીએ જણાવ્યું છે કે કાર્તિકી પૂર્ણિમા નિમિત્તે પંચદેવ મંદિરને ૧૧૦૦૦ દીવડાઓથી સુંદર રીતે શણગારવામાં આવ્યું હતું. પ્રભુ પ્રાર્થના-ભક્તિ-આરતી વંદના સાથે નગરના સૌ આબાલવૃદ્ધો આ પ્રસંગે પંચદેવના દર્શને પધાર્યા હતા.

આ પર્વ નિમિત્તે મંદિરના પટાંગણમાં પ્રભુ શાલીગ્રામ અને તુલસીમાતાના વિવાહનો ઉત્સવ પણ મનાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે પ્રાકૃતિક મંડપ ડેરોરેશન કરવામાં આવ્યું હતું. પંચદેવ ઉત્સવ સમિતિ દ્વારા સમગ્ર કાર્યક્રમ યોજાયો હતો. પરમેશ્વરના પાવન પ્રસંગે સંધ્યા આરતી અને પટાંગણમાં રંગોળી પૂરવામાં આવી હતી. નગરના યુવાનો, વડીલો, નાના-નાના ભૂલકાઓ અને બહેન દીકરીઓએ આ ઉત્સવને મન ભરીને માણ્યો હતો.

# મતદાન દિને કારખાના, સંસ્થા-સાઈટના શ્રમયોગીઓ મત આપી શકે તેવી વ્યવસ્થા કરવા અંગે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં સમાવિષ્ટ પાંચ વિધાનસભા બેઠકની સામાન્ય ચૂંટણી આગામી તા. ૧૭મી ડિસેમ્બર - ૨૦૧૨ના રોજ યોજાનાર છે. જે અંતર્ગત જિલ્લામાં સમાવિષ્ટ પાંચ વિધાનસભા બેઠકમાં આવેલ તથા કારખાના ધારા હેઠળ નોંધાયેલ કારખાનાના શ્રમયોગી તેમજ ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કલ એક્ટ અન્વયે નોંધણી થયેલ સંસ્થા / સાઈટના શ્રમયોગીઓ મતદાનના દિવસે પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે, તે માટે કારખાના ધારાની કલમ મુજબ લોક પ્રતિનિધિત્વ ધારાની કલમ મુજબ, કારખાના ધારા હેઠળ નોંધાયેલ કારખાનાઓના શ્રમયોગીઓ તેમજ ધી બિલ્ડિંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ એક્ટ અન્વયે નોંધણી થયેલ સંસ્થા / સાઈટના શ્રમયોગીઓને ફક્ત હેતુ માટે સવેતન રજા આપવાની રહેશે.

આ જોગવાઈ અનુસાર રજા જાહેર કરવાના કારણે સંબંધિત શ્રમયોગી/કર્મચારીના પગારમાંથી કોઈ કપાત કરવાની રહેશે નહીં. રજાના કારણે જો કોઈ કર્મચારી પગાર મેળવવાનો હક્ક ન ધરાવતો હોય તેવાં સંજોગોમાં તે વ્યક્તિ રજા જાહેર ન થઈ હોત અને જે પગાર મેળવવા પાત્ર હોય તેટલો પગાર ચુકવવાનો રહેશે. જે મતદારની ગેરહાજરીથી જોખમ ઉભું થવા સંભવ હોય અથવા જે વ્યવસાય રોજગાર સાથે સંકળાયેલ હોય તે રોજગારમાં મોટા પ્રમાણમાં નુકશાન થવા સંભવ હોય તેવા મતદારના કિસ્સામાં અથવા સતત પ્રક્રિયાવાળા કારખાનામાં કામ કરતાં શ્રમયોગી તેમના મત આપવાનો અધિકાર ભોગવી શકે તે માટે તેમને તેમની ફરજના સમયમાંથી ત્રણ થી ચાર કલાક મતદાન માટે સવેતન રજા આપવાની રહેશે. જો કોઈ કારખાનેદાર/માલિક/નોકરી દાતા ઉપરોક્ત જોગવાઈથી વિરૂધ્ધનું વર્તન કરશે તો કાયદા હેઠળ દંડ તથા શિક્ષાને પાત્ર રહેશે તેવું ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી, ગાંધીનગરના નાયબ નિયામકશ્રી દ્વારા અખબારી યાદીમાં જણાવાયું.

# ગાંધીનગરની જિલ્લાની બી.એડ. કોલેજોમાં બી.એડ. પરીક્ષાની રીસીપ્ટ મેળવવાના ધાંધિયા

## ૩જીએ પ્રથમ સેમીસ્ટરની પરીક્ષા છતાં રીસીપ્ટો મળી નથી...!

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાત યુનિવર્સિટી દ્વારા સંચાલિત બી.એડ. કોલેજોના વિદ્યાર્થીઓની પ્રથમ સેમેસ્ટરની પરીક્ષા ૩જી ડિસેમ્બર-૨૦૧૨ના રોજથી શરૂ થઈ રહી છે. છતાં કોલેજમાં વિદ્યાર્થીઓને પરીક્ષાની રીસીપ્ટો હજુ સુધી અપાઈ નથી. જેથી વિદ્યાર્થીઓ ચિંતિત બન્યા છે અને પરીક્ષાની તૈયારીમાં બેધ્યાન બન્યા છે.

ગાંધીનગર જિલ્લાની ગુજરાત યુનિવર્સિટીની બી.એડ. કોલેજોના વિદ્યાર્થીઓની પ્રથમ સેમીસ્ટરની પરીક્ષા તા. ૩જી ડિસેમ્બરથી શરૂ થઈ રહી છે. યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓને અઠવાડિયા પહેલા પરીક્ષાની રીસીપ્ટ આપી દેવાતી હોય છે પણ આ વર્ષે વહીવટી ખામીના લીધે જે તે કોલેજોમાં બી.એડ.ની પરીક્ષામાં પ્રથમ સેમીસ્ટરમાં બેસનાર વિદ્યાર્થીઓની રીસીપ્ટો જે તે કોલેજમાં આવી નથી. ૩૦મી નવેમ્બર સુધી કોઈ વિદ્યાર્થીઓને રીસીપ્ટ ન મળતાં વિદ્યાર્થીઓમાં રોષની લાગણી જન્મી છે. આજે ૧લીને શનિવાર તથા ૨જીને રવિવાર હોવાથી સૌ વિદ્યાર્થીઓ ખૂબ જ ચિંતિત બન્યા છે. દૂર-દૂરથી અપ-ડાઉન કરતાં વિદ્યાર્થીઓ કોલેજમાં આવીને પાછા જાય છે છતાં રીસીપ્ટ મળતી નથી જેને પરિણામે વિદ્યાર્થીઓ વાંચી શકતા નથી અને ખોટી-ખોટી કાલ્પનિક ચિંતાઓમાં સરી પડવાથી પરીક્ષા સારી રીતે આપી શકે તેમ નથી. માનસિક સ્વાસ્થ્ય નાદુરસ્ત રહેતા વિદ્યાર્થીઓ અને વાલીઓ હેરાન પરેશાન થઈ ગયા છે. બી.એડ. કોલેજોનું સત્ર પણ મોડું થયું હતું અને ટૂંકા સત્રના લીધે સેમીસ્ટર પદ્ધતિ દાખલ થયેલી હોવાથી પુસ્તકો બદલાયા હતા. બજારમાં પુસ્તકો માંડ-માંડ મળતાં વિદ્યાર્થીઓ સઘન તૈયારી કરી શક્યા હોય તેવું લાગતું નથી તેમ મોટા ભાગના વાલીઓ દ્વારા જણાવાયું છે.

# પ્રાંતિજ મેલડી માતાના મંદિરે દેવ દિવાળી નિમિત્તે ભવ્ય દિપોત્સવી ઉત્સવ યોજાયો

પ્રાંતિજ, તા.૩૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના પ્રાચિન ખેતરવાડીમાં મેલડીમાતાના મંદિરે દેવ દિવાળી નિમિત્તે ભવ્ય દિપોત્સવી ઉત્સવ, હવન, તેમજ માતાનો ભવ્ય અન્નકૂટ ભરવામાં આવ્યો હતો. મેલડી માતાના પૌરાણિક ગર્ભગૃહમાં તેમજ યંત્રની પૂજા-વિધિ અખંડ જ્યોત તેમજ મંદિરનો અલૌકિકપણે સમગ્ર પરિસરને આસોપાલવના તોરણ પુષ્પ માળાઓ તેમજ ઈલેકટ્રીક શિરીજોથી શણગારવામાં આવ્યું હતું. મંદિરમાં ખોડીયારમાં તેમજ લાલફઈબા જનજનનીને વિવિધ અવનવી મીઠાઈઓ મેવા, પકવાન, જુદા જુદા શાક, ફળો, ઠંડાપીણા, માવા તથા જુદા જુદા મુખવાસ પાન બીડા ધરાવી ભવ્ય અન્નકૂટ ધર્યો હતો. જયમાડી (પંકજભાઈ રાવલ) ભરતભાઈ મહરાજ તેમજ અમૃતદાદા, દાદી તથા અસંખ્ય મેલડી ભક્તો દ્વારા માની આરતી થાળ બાદ અન્નકૂટ ભરી હેતથી જમાડ્યા હતા.

# આજે વિશ્વ એઈડ્સ દિને નિસર્ગ સાયન્સ સેન્ટરે એઈડસ પ્રદર્શનનું આયોજન

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરના નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના સંયોજક હાર્દિકભાઈએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, આજે તા.૧લી ડિસેમ્બરે વિશ્વ એઈડસ દિન નિમિત્તે નિસર્ગ સાયન્સ સેન્ટર, પ્લોટ નં. ૬૧/૧, ઘ-ટાઈપ, સેકટર-૨૩, ગાંધીનગર ખાતે એઈડસ પ્રદર્શન યોજાશે. નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા એઈડસ પ્રદર્શન સવારે ૧૧ થી સાંજે ૬ કલાક સુધી યોજાશે જેનો નગરજનો લાભ લઈ શકશે.

એઈડસ એ એકવીસમી સદીનો ભયાનક રોગ છે. વિજ્ઞાન અને ટેકનોલોજીનો માનવજાતને સહયોગ હોવા છતાં પણ એઈડસનાં રોગને નાબૂદ કરી શકાય તેવી દવાઓ હજી સુધી શોધી શકાઈ નથી ત્યારે લોકો એઈડસ અંગેની જાણકારી મેળવે તથા એઈડસથી બચવાનાં ઉપાયો વિચારે તે હેતુથી વિશ્વભરમાં ૧લી ડિસેમ્બર વિશ્વ એઈડસ દિન તરીકે ઉજવાય છે. નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા પણ દર વર્ષે વિશ્વ એઈડસ દિન ઉજવાય છે આ વર્ષે પણ નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે એઈડસ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. એઈડસ વિશેની સમજૂતી આપવામાં આવતા વિવિધ ચાર્ટસનું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું છે. સવારે ૧૧ થી સાંજે ૬ વાગ્યા સુધીના પ્રદર્શનને નિહાળવા જાહેર જનતાને જણાવાયું છે.

# આજે સુંદરકાંડના સંગીતમય પાઠનું આયોજન

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લાના કુડાસણ ગામે આજે તા. ૧લી ડિસેમ્બર-૨૦૧૨ને શનિવારે રાત્રે ૯ કલાકે શ્રી રામચરિત માનસના પંચમ સોપાન સુંદરકાંડના સંગીતમય પાઠ કાન્તીભાઈ યોગીની વ્યાસપીઠે યોજાશે. ઘ-૦ થી ઈન્ફોસીટી કુડાસણ જતા રોડ ઉપર કાનમ રેસીડેન્સી, નાગરાજ ફોર્મની બાજુમાં મુખ્યમાર્ગ ઉપર આયોજીત આ સુંદરકાંડ પાઠમાં પધારવા ભાવિક ભક્તોને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# આજથી કુડાસણમાં પ.પૂ. કનકેશ્વરી દેવીની વ્યાસપીઠે રામકથાનો પ્રારંભ

## ૧લી થી ૯મી સુધી બપોરે થી ૫ રામકથા ચાલશે

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેર અને આજુબાજુના ગામોમાં વસતા રહીશોના લાભાર્થે આજે તા. ૧લી ડિસેમ્બથી ૯મી ડિસેમ્બર દરમિયાન રામકથા જ્ઞાનયજ્ઞનું શ્રવણગાન થશે.

કુડાસણ ગામના કુડાસણ રોડ પર આવેલા કાનમ રેસીડેન્સી, નાગરાજ ફાર્મની બાજુમાં મુખ્ય માર્ગ ઉપર આજે ૧લી ડિસેમ્બરે રામકથા જ્ઞાનયજ્ઞનો પરમ વિદૂષી પૂ.માં કનકેશ્વરી દેવીની વ્યાસપીઠે પ્રારંભ થશે. કથાના પ્રારંભે પોથીયાત્રાનું આયોજન કરવામાં



આવ્યું છે. આજે સવારે ૮.૪૫ કલાકે રામજી મંદિર, કુડાસણથી પોથીયાત્રાનો પ્રારંભ થશે. દીપ પ્રાગટય પ.પૂ. મહંત રામ સ્વરૂપપૂરી મહારાજ કરશે. આજથી આરંભાતી રામકથા ૯મી ડિસેમ્બર સુધી બપોરે ૧ કલાકથી સાંજે ૫ કલાક સુધી ચાલશે. રામકથા દરમિયાન દરરોજ કથા પૂર્ણ થયે ભાવિક ભકતો માટે મહાપ્રસાદની વ્યવસ્થા રાખવામાં આવી છે. ગાંધીનગર તેમજ આજુબાજુના ગામોમાં વસતા નગરજનોને શ્રી રામકથાનો લાભ લેવા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ધણપ ખાતે લગ્નપ્રસંગે આવેલા રસોઈયાના બાઈકની ઉઠાંતરી

## કેશવ ફાર્મના પાર્કિંગમાં કરેલુ બાઈક ગણતારીના કલાકમાં ગાયબ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર નજીક આવેલા ધણપ ગામની સીમમાં આવેલા કેશવ ફાર્મ ખાતે લગ્ન સમારંભમાં રસોઈ બનાવીને સવારે પીરસવા આવેલા રસોઈયાનું બાઈક પાર્કીંગમાંથી કોઈ શખ્સ ઉઠાવીને ફરાર થઈ ગયો હતો. રસોઈયાની ફરીયાદને આધારે ચિલોડા પોલીસે બાઈકની ચોરીનો ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી છે.

નેશનલ હાઈવે નં. ૮ પર આવેલા ધણપ ગામની સીમમાં સ્થિત કેશવ ફાર્મા યોજાયેલા લગ્ન સમારંભમાં મોટી શિહોલી ગામમાં રહેતા રસોઈયા વસંતભાઈ અમૃતભાઈ જોષી રસોઈ બનાવવા આવ્યા હતા. આગળની રાત્રીએ રસોઈ બનાવી દીધા બાદ તેવો સવારના સુમારે તેઓ પોતાનુ ડીસ્કવર બાઈક નં. જીજે-૧૮-સી.એ.-૪૪૩૬ લઈને કેશવ ફાર્મમાં રસોઈ પીરસવા માટે ગયા હતા. અને તેમનું બાઈક ફાર્મના પાર્કિંગમાં પાર્ક કર્યુ હતું. દરમ્યાન સવારે ૧૦ વાગ્યાના અરસામાં બહાર આવીને જોયું તો તેમનું બાઈક પાર્કિંગમાંથી ગાયબ થઈ ગયું હતું. કોઈ અજાણ્યો વાહનચોર તેમના આશરે ૪૫ હજારની કિંમતના બાઈની ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયો હતો. આ અંગે પોલીસને જાણ કરતાં ભિલોડા પોલીસે વસંતભાઈની ફરીયાદને આધારે ગુનો દાખલ કર્યો છે અને તપાસ પી.એસ.આઈ. એસ. આર. પટેલને સોંપવામાં આવી છે.

# મોબાઈલ સીમકાર્ડ કે મોબાઈલ ફોનનું વેચાણ કરતાં ડીસ્ટ્રીબ્યુટર્સ/રીટેઈલરો જોગ

ગાંધીનગર, તા. ૩૦

ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો તથા તાજેતરમાં નવી દિલ્હી ખાતે માન. વડાપ્રધાનશ્રીના નિવાસસ્થાન નજીક ઈઝરાયેલી એમ્બેસીના વાહન ઉપર તા. ૧૩-૦૨-૨૦૧૨ ના રોજ આતંકવાદી હુમલો કરવામાં આવેલ છે. તેમજ તા. ૭-૯-૨૦૧૧ ના રોજ દિલ્હી હાઈકોર્ટના બ્લાસ્ટ થયેલ છે. અમદાવાદ શહેરમાં જુલાઈ - ૨૦૦૮માં થયેલ બોમ્બ ધડાકા તથા સુરત શહેરમાં મળી આવેલા અસંખ્ય જીવતા બોમ્બ જેવા બનેલ બનાવોની તાપસથી જણાયેલ છે કે, ત્રાસવાદીઓ, અસામાજિક તત્વો પોતાની ઓળખ છુપાવવા ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં તથા ઔદ્યોગિક વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી આવી જગ્યાઓએ રહી પોતાની આસપાસ મળી આવતી પાયાની સગવડોનો દુરપયોગ કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરેલ છે. અત્યાર સુધીના આતંકવાદી પ્રવૃત્તિના અનુભવ મુજબ આવી પ્રવૃત્તિ આચરનાર આતંકવાદી પ્રવૃત્તિને આખરી અજામ આપે છે. આ મોબાઈલ ફોનના ઉપયોગથી ઓડિયો, વિડિયો ક્લીપ ઉતારી, સાયબર કાફેના ઉપયોગ વગેરેના જી.પી.આ.એસ., થ્રીજી અને નેટ ટુ ફોન જેવા આધુનિક ઉપકરણો જોડીને આવા અસામાજિક તત્વો દ્વારા સંદેશાની આપ-લે થાય છે. આ પ્રવૃત્તિમાં અત્યંત જરૂરી ડીવાઈસ મોબાઈલ સીમકાર્ડ છે. જે હાલની પરિસ્થિતિમાં કોઈ પણ સ્થળે સહેલાઈથી મળી આવતા હોય છે અને મોટા ભાગના બનાવોમાં મળી આવતા સીમકાર્ડ બોગસ નામના હોયછે.

જેથી મોબાઈલ ધારકોની ઓળખના પુરાવાની યોગ્ય તથા ઝીણવટભરી ચકાસણી કરી, મોબાઈલ સીમ કાર્ડજ કે મોબાઈલ ફોનનું વેચાણ કરવામાં આવે તો જ આવી પ્રવૃત્તિ ઉપર અંકુશ લાવી શકાય.

જેથી જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ગાંધીનગરને ફોજદારી કાર્યરીતી અધિનિ.મ ૧૯૭૩ની કલમ - ૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કર્યો છે, ગાંધીનગર જિલ્લાના વિસ્તારમાં (ગાંધીનગર શહેર સહિત) મોબાઈલ સીમકાર્ડ કે મોબાઈલ ફોન આપતાં પહેલા, મોબાઈલ સીમકાર્ડ કે મોબાઈલ ફોનનું વેચાણ કરતાં જે તે વ્યક્તિના જરૂરી ઓળખના પુરાવા લઈ, તેની ચોક્કસ ખાતરી કર્યા બાદ, તે જ વ્યક્તિને મોબાઈલ સીમકાર્ડ કે મોબાઈલ સીમકાર્ડ કે મોબાઈલ ફોન વેચવામાં આવે અને વેચાણ અંગેનું રજિસ્ટ્રર નિભાવવાનું રહેશે. નવા-જૂના મોબાઈલ ખરીદતી/વેચતી વખતે વેપારીઓએ પરિશિષ્ટ - એ રજીસ્ટ્ર નિભાવવાનું રહેશે. રજીસ્ટર એ માં મોબાઈલની વિગત, કંપનીનું નામ, IMEI નંબર, મોબાઈલ વેચનાર, ખરીદનારનું નામ, સરનામાની વિગત, ફોટો આઈ.ડી. પ્રુફની વિગત અને મોબાઈલ ખરીદનારની સહી લેવાનું રહેશે. નવું સીમકાર્ડ વેચતી વખતે વેપારીઓએ પરિશિષ્ટ બી રજીસ્ટ્ર નિભાવવાનું રહેશે જેમાં. સીમકાર્ડ વિગત, કંપનીનું નામ, સીમકાર્ડ નંબર અને તેનો મોબાઈલ નંબર, સીમકાર્ડ ખરીદનારનું નામ સરનામું, સીમકાર્ડ ખરીદનારના ફોટાવાળું આઈ.ડી. પ્રુફની વિગત અને સીમકાર્ડ ખરીદનારની સહી લેવાની રહેશે. આ હુકમ તા. ૦૯-૧૨-૨૦૧૨ થી તા. ૦૬-૦૨-૨૦૧૩ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ -૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે, તેવું જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ જણાવેલ છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૦૪
સૂર્યાસ્ત : ૫.૫૨

## તાપમાન

મહત્તમ : ૩૦.૨ ડિ.સે.
લઘુત્તમ : ૧૬.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૪ ટકા ● સાંજે ૪૦ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
લાઈફ ઑફ પાય(હિન્દી) : ૧૦.૦૦
તલાશ : ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦,૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
તલાશ : ૧૦.૦૦,૧૨.૪૫, ૩.૩૦, ૬.૩૦,૯.૩૦

: સ્ક્રીન-૩ :
લાઈફ ઑફ પાય (હિન્દી) : ૧૧.૧૫, ૭.૪૫
તલાશ : ૨.૧૫, ૫.૦૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૪ :
તલાશ : ૧૦.૦૦
જબ તક હૈ જાન : ૧૨.૪૫, ૬.૪૫
સન ઑફ સરદાર : ૪.૦૦, ૧૦.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
લાઈફ ઑફ પાય(હિન્દી) ૩-ડી : ૯.૧૫, ૨.૦૦, ૪.૩૦, ૭.૦૦
ટ્વાલાઈટ પાર્ટ-૨: ૧૧.૪૫
તલાશ : ૯.૩૦

: સ્ક્રીન-૨ :
તલાશ : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

: સ્ક્રીન-૩ :
તલાશ : ૮.૦૦, ૧૧.૦૦, ૮.૧૫
સન ઑફ સરદાર : ૨.૦૦
જબ તક હૈ જાન : ૫.૦૦

: સ્ક્રીન-૪ :
તલાશ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૦૦

### સૂર્યા, વાવોલ

તલાશ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ઓ ગૉરી મે તો દિલથી બાંધી છે પ્રીત : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
તલાશ : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
સન ઑફ સરદાર : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
જબ તક હૈ જાન : ૧૦.૧૫, ૧.૩૦, ૧૦.૧૫
તલાશ : ૫.૦૦, ૭.૩૦

### ચિરાગ, કલોલ

તલાશ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ધાર્મિક

- શ્રી રામકથા જ્ઞાનયજ્ઞની પોથીયાત્રા સવારે ૮.૧૫ કલાકે, રામજી મંદિર, કુડાસણ ખાતેથી પ્રસ્થાન કરશે. તથા કથાનો પ્રારંભ બપોરે ૧.૦૦ કલાકે કાનમ રેસીડેન્સીની સામે, નાગરાજ ફાર્મની બાજુમાં, ઈન્ફોસીટી- કુડાસણ રોડ, ગામ- કુડાસણ ખાતે યોજાશે.

## આપની આજ

**મેષ** : ધર્મ, ધ્યાન સંબંધિત કાર્યોમાં સમય પસાર થશે. આર્થિક લાભ સંબંધી વિશેષ મહત્વના કાર્યોમાં વિવાદોથી બચવું. કુટુંબના સભ્યો સાથે મતભેદ ન થાય તેની કાળજી રાખવી.

**વૃષભ** : ભૂમિ સંબંધી લાભ પ્રાપ્તિનો વિશેષ યોગ. મિત્રો અને કુટુંબના સભ્યો સહિત પોતાની આંતરિક પ્રસન્નતા અને આશાજનક વાતારણને કારણે પ્રયાસ સફળ થઈ શકશે.

**મિથુન** : કચેરીના વિવાદ, દૈનિક વ્યાપાર, કુટુંબની સમસ્યાઓમાં ભાગ્યવર્ધક લાભ પ્રાપ્તિ. કલાત્મક ક્ષેત્રથી ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્તિ મળશે. પ્રયત્નો ચાલુ રાખવા.

**કર્ક** : વાંચવા લખવાનાં કાર્યમાં રુચિમાં વધારો થશે. તમારા કાર્યોની સમાજમાં અને વ્યવસાયક્ષેત્રે પ્રશંસા થશે. જમીન- મકાન ખરીદવાની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે.

**સિંહ** : મિલકત સંબંધી કાર્યોમાં સક્રિયતા વધશે. વ્યાપારિક ભાગીદારીઓમાં વિશેષ વૃદ્ધિનો યોગ. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી ઉત્પન્ન થયેલી સમસ્યાઓ છતાં કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે.

**કન્યા** : વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થવાના યોગ પ્રબળ બની રહ્યા છે. લાંબા સમયથી ચાલી રહેલી કૌટુંબિક સમસ્યાઓનું સમાધન થઈ શકશે.

**તુલા** : પૂર્ણ રીતે અભ્યાસ કર્યા વગર કોઈપણ પ્રકારનું સાહસ ન કરવું. આપનામાં આંતરીક પ્રભાવ વધવાથી શત્રુને પરાસ્ત કરી શકશો.

**વૃશ્ચિક** : અટકેલા કાર્ય સમય પર પૂરા કરવા આપ કટીબદ્ધ બનશો. વ્યકિતગત કાર્યોમાં ઉન્નતિ પ્રાપ્ત થશે. કાયદાકીય બાબતોમાં આત્મવિશ્વાસમાં કમી આવવાની સંભાવના છે.

**ધન** : અટવાયેલા નાણાં પરત મળી શકે છે. સંચિત ધનમાં વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધર્મના ક્ષેત્રમાં વિશેષ રુચિ જાગૃત થઈ શકશે. ધન પ્રાપ્તિનો વિશેષ યોગ.

**મકર** : વિશેષ ભાગ્યવર્ધક કાર્યોનો યોગ. સ્થાયી મિલકત, વાહન ખરીદીનો યોગ બને છે. જૂના કાર્યોમાં ઉભી થયેલી સમસ્યાઓનું નિરાકરણ થઈ શકશે.

**કુંભ** : કોઈ વરિષ્ઠ વ્યક્તિઓ અને નિતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવના રહેલી છે. કર્મક્ષેત્રમાં વિશેષ ઉપલબ્ધિ અને નવા કાર્યોનો યોગ.

**મીન** : વ્યાપારિક ભાગીદારી, કૌટુંબિક વિવાદ વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા-પ્રવાસનો યોગ બને છે. નાણાંકીયક્ષેત્રમાં સમસ્યાઓ સંભવિત.

## ચિરવિદાય

- સ્વ. પ્રવિણચંદ્ર મફતલાલ ગુર્જર (ઉ.વ. ૫૧) પ્લોટ નં. ૭૮૧/૧, સેકટર-૭/બી, ગાંધીનગર.
- સ્વ. અમથુબા અરજણજી ડાભી (ઉ.વ. ૯૫) મુ.પો. ખોરજ-ડાભી, તા. કલોલ, જિ. ગાંધીનગર.